# રાજકોટમાં ખોડીયાર શાળા નં.૯ના અત્યાધુનિક બિલ્ડીંગનું શિક્ષણમંત્રીના હસ્તે લોકાર્પણ કરાયું

રાજકોટ તા.૧૯

રાજકોટ નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ, રાજકોટ હસ્તકની શ્રી માં ખોડીયાર પ્રા.શાળા નં.૭૬નું ગુજરાત સરકાર અને સમગ્ર શિક્ષા અભિયાનની ગ્રાન્ટમાંથી આધુનિક સુવિધાથી સજજ નવા બિલ્ડીંગનું લોકાર્પણ ડો. પ્રદ્યુમનભાઈ વાજા, શિક્ષણમંત્રી ગુજરાતના હસ્તે રાખવામાં આવેલ હતું. જેમાં રાજકોટ શહેરના વિવિધ મહાનુભાવો પણ સાથે જોડાઈ વિદ્યાર્થીઓને ઉતમ પ્રકારની સુવિધાઓ મળી રહે તે માટે નિર્ધાર કરેલ.



કાર્યક્રમની શરૂઆત દિપ પ્રાગટયથી કરવામાં આવેલ હતી. કાર્યક્રમને આગળ વધારતા ઉપસ્થિત મહાનુભાવોનું શાબ્દીક સ્વાગત શિ.સ. ચેરમેન વિક્રમભાઈ પુજારા દ્વારા કરવામાં આવેલ હતું. શિક્ષણમંત્રીએ સરકારની વિવિધ શૈક્ષણીક યોજનાઓથી હાજર પ્રજાજનોને વાકેફ કર્યા હતા. ધારાસભ્ય ઉદય કાનગડે બાળકો વધુને વધુ શિક્ષણ મેળવે અને તેમના માતા-પિતાના સ્વપ્નો સાકાર કરી તેમનું નામ રોશન કરે તેવી શીખ આપી હતી.

શાસનાધિકારી રાજકોટ રમેશભાઈ જેઠવા મારફત શિક્ષણ સમિતિની શાળાઓ અને તેમાં વિદ્યાર્થીઓને આપવામાં આવતા આધુનિક શિક્ષણની માહિતી પુરી પાડી હતી. ઉપરોકત કાર્યક્રમમાં ધારાસભ્ય શ્રીમતી દર્શીતાબેન શાહ, રમેશભાઈ ટીલાળા, રાજકોટ શહેર ભાજપ પૂર્વ પ્રમુખ કમલેશભાઈ મીરાણી, રાજકોટ મહાનગરપાલિકા ડે.મેયર નરેન્દ્રસિંહ જાડેજા, શાસક પક્ષ નેતા શ્રીમતી લીલુબેન જાદવ, દંડક મનિષભાઈ રાડીયા, શહેર ભાજપ મહામંત્રી અશ્ર્વીનભાઈ મોલીયા, શિ.સ. ચેરમેન વિક્રમ પુજારા, વાઈસ ચેરમેન ડો.પ્રવિણકુમાર નિમાવત અને સાથો સાથ સદસ્ય સંગીતાબેન છાયા, જાગૃતીબેન ભાણવડીયા, અજયભાઈ પરમાર, મનસુખભાઈ વેકરીયા, રસીકભાઈ બદ્રક્રિયા, વિક્રમસિંહ જાડેજા, વિરમભાઈ સાંબડ, હિતેશભાઈ રાવલ, ઈશ્ર્વરભાઈ જીતિયા, જગદીશભાઈ ભોજાણી, સુરેશભાઈ રાઘવાણી, ખાસ ઉપસ્થિત રહેલ. કાર્યક્રમના અંતમાં ઉપસ્થિત મહેમાનોનું આભારદર્શન શિક્ષણ સમિતિ વાઈસ ચેરમેન ડો. પ્રવિણકુમાર નિમાવત દ્વારા કરવામાં આવેલ હતું.

# રાજકોટના ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લો વિઝિબિલિટી પ્રોસિજરનો અમલ થશે

## ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડીપાર્ચર માટે મંજૂરી: મહત્વનો નિર્ણય




રાજકોટ,

શિયાળાની ઋતુમાં પડતા ભારે ધુમ્મસને કારણે ફલાઇટના શિડ્યુટલ ખોરવાતા અટકાવવા માટે રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ દ્વારા મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. આગામી ૨૨ જાન્યુઆરી ૨૦૨૬થી એરપોર્ટ પર પ્રસ્થાન માટે લો વિઝિબિલિટી પ્રોસિજર અમલમાં મૂકવામાં આવશે. આ સંદર્ભે આજે એરપોર્ટના હિતધારકો સાથે એક બેઠક યોજાઈ હતી, જેમાં અમલીકરણમાં સામેલ વિવિધ એજન્સીઓની ભૂમિકા અને જવાબદારીઓ વિશે ચર્ચા કરવામાં આવી હતી.

સામાન્ય રીતે ધુમ્મસવાળા વાતાવરણમાં એરપોર્ટ અને તેની આસપાસના વિસ્તારમાં વિઝિબિલિટી (દ્રશ્યતા) ઘટવાને કારણે પાઈલટ્સં માટે વિઝ્યુઅલ રેફરન્સ? મર્યાદિત બની જાય છે, જે ફલાઇટ ઓપરેશન પર માઠી અસર કરે છે. અત્યાર સુધીના નિયમો મુજબ જો રનવે વિઝ્યુઅલ રેન્જ ૫૫૦ મીટરથી ઓછી હોય તો વિમાન ઉડાન ભરી શકતું નથી.

હવે જયારે આરવીઆર ૫૫૦ મીટરથી ઓછું પણ ૩૫૦ મીટરથી વધુ હશે, ત્યારે પણ ફલાઇટ ટેક-ઓફ કરી શકશે.જો કોઈ ફલાઇટ લેન્ડિંગ સમયે આરવીઆર ૫૫૦ મીટર હોય અને ત્યારબાદ ઘટીને ૪૦૦ મીટર થઈ જાય, તો અગાઉ તે ફલાઇટ વિઝિબિલિટી સુધરે ત્યાં સુધી ઉડાન ભરી શકતી નહોતી.૨૨ જાન્યુઆરીથી ૩૫૦ મીટર કે તેથી વધુ વિઝિબિલિટી હશે તો પણ ડિપાર્ચર માટે મંજૂરી આપવામાં આવશે.જો વિઝિબિલિટી ૩૫૦ મીટરથી નીચે જશે, તો જ ફલાઇટ ઓપરેશન બંધ રાખવામાં આવશે.

આરવીઆર એ એક એવું અંતર છે કે જે રનવેની સેન્ટરલાઇન પર રહેલો પાઈલટ રનવેના માર્કિંગ અથવા તેની લાઈટ્સને સ્પષ્ટ જોઈ શકે. આ વિઝિબિલિટીના આધારે જ સુરક્ષિત ઉડાન અને ઉતરાણના નિર્ણયો લેવામાં આવે છે.આ નવી વ્યવસ્થાથી શિયાળામાં ધુમ્મસને કારણે ફલાઇટ કેન્સલ થવાની કે મોડી પડવાની સમસ્યામાં મોટી રાહત મળશે અને એરપોર્ટની કાર્યક્ષમતામાં વધારો થશે.

## સીટીલાઇફ

# સોમનાથ સ્વાભિમાન પર્વના કાર્યક્રમમાં પધારેલા કલાકારો ધમ્મવાડી પ્રાચીના મહેમાન બન્યા



વેરાવળ,

પુરા ગુજરાત અને દેશ વિદેશમાં ખ્યાતી પામેલા ૫૦૦ (પાંચ સોં) કલાકારોને રાત્રી રોકાણ કરવાનું સૌભાગ્ય અનુ. જાતિ સમાજના સ્વાભિમાન અને અસ્મિતા સમાન ધમ્મવાડીને મળ્યું એ ખુબ જ આનંદની વાત છે.

આટલી બહોળી સંખ્યામાં રાત્રી નિવાસ કરાવી અતિથિ સેવા કરવાનો મોકો પ્રાપ્ત થયો એ ધન્યવાદ ને પાત્ર છે. ૨૦૦ બહેનો અને ૩૦૦ ભાઈઓ હતા. ધમ્મવાડીમાં તૈયાર થઈ સોમનાથ જતા હતા. ધમ્મવાડીમા કલાકારો ના આગમન અને રોકાણથી આનંદમય વાતાવરણ સર્જાયું હતું. સરકારના સાંસ્કૃતિક વિભાગમાં ધમ્મવાડીની નોંધ લેવામાં આવી સાથે અલગ અલગ વિભાગના પાંચ મીડિયા વાળા પણ આવ્યા હતા. ખુબ જ સફળ રીતે મહેમાનગતિ માણતા કલાકારો ખુબ જ ખુશ થયાં હતા.

# રાજકોટમાં વોર્ડ નં.૧૮માં કોઠારીયા સોલ્વેન્ટડ વિસ્તાસરમાં ડામર કામનો પ્રારંભ

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૧૮માં કોઠારીયા સોલ્વ્ન્ટટ વિસ્તાતરમાં સીતારામ સોસાયટી, શુભમ સોસાયટીમાં ડામર કરવાના કામનો શુભારંભ ધારાસભ્ય્ ભાનુબેન બાબરીયાના હસ્તેટ કરવામાં આવ્યો.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્ય ભાનુબેન બાબરીયા, કોર્પોરેટર સંજયસિંહ રાણા, સંદીપભાઈ ગાજીપરા, દક્ષાબેન વાઘેલા, ભારતીબેન પરસાણા, પ્રમુખ અનિલભાઈ દોંગા, મહામંત્રી મુન્નાભાઈ જોગરાણા, અગ્રણી યોગુભા રાણા, સુરેશભાઈ ગોલતર, કાળુભાઈ સરપંચ, દિનેશભાઈ કિડીયા, ધર્મેશભાઈ કિહોર, રામભાઈ ડાંગર, દિપકભાઈ ટાંક, મુકેશભાઈ ગઢવી, બાબુભાઈ મકવાણા, ધ્રુવિન જોષી, અનિલભાઈ જોષી, રમેશભાઈ સાગઠીયા, રાજુભાઈ સાગઠીયા, મનોજભાઈ સોલંકી, સોનલબેન સોમૈયા, આશાબેન ગોહેલ, ભારતીબેન ગજેરા, કનકબા, મનીષભાઈ ગમારા, પ્રવિણભાઈ રાવત તેમજ વિસ્તા,રવાસીઓ બહોળી સંખ્યારમાં ઉપસ્થિ,ત રહેલ.

# રાજકોટના વોર્ડ નં.૭માં યાજ્ઞિક રોડ પર ડામર કામનું ખાતમુહૂર્ત

રાજકોટ,

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા વોર્ડ નં.૭માં યાજ્ઞિક રોડ ખાતે ડામર કરવાના કામનું ખાતમુહૂર્ત વિધાનસભા-૬૯ના ધારાસભ્ય્ ડૉ.દર્શિતાબેન શાહના હસ્તેક કરવામાં આવ્યુંત.

આ ખાતમુહૂર્ત કાર્યક્રમમાં ધારાસભ્યય ડૉ. દર્શિતાબેન શાહ, કોર્પોરેટર દેવાંગભાઈ માંકડ, નેહલભાઈ શુક્લમ, જયશ્રીબેન ચાવડા, વર્ષાબેન પાંધી, વોર્ડ પ્રમુખ વિશાલભાઈ માંડલીયા, મહામંત્રી દિપકભાઈ પારેખ, પાર્થરાજસિંહ ચૌહાણ, શૈલેષભાઈ હાપલીયા, ઉમેશભાઈ જે.પી., કૌશિકભાઈ ચાવડા, ગોપાલભાઈ બોરાણા, જયપાલસિંહ રાઠોડ, રાજુભાઈ મુંધવા, ઈશ્વરભાઈ જીતિયા, પ્રવિણભાઈ ચાવડા, કિરીટભાઈ પાંધી, કમલેશભાઈ હિંડોચા, નિકુંજભાઈ વૈધ, અશોકભાઈ સામાણી, અમિતભાઈ મણીઆર, કેતનભાઈ ભટ્ટ, રીપલભાઈ મહેતા, જયુ ગમારા, જીગર ભટ્ટ, લલિતભાઈ, રાજુભાઈ માસ્ત ર, નૈમિષભાઈ કેસરીયા તથા વિસ્તાઈરવાસીઓ ઉપસ્થિ ત રહેલ

# ગીર સોમનાથમાં શાળાના વાહનચાલકો માટે ખાસ તાલીમ શિબિર યોજાઈ




વેરાવળ,

ગીર સોમનાથ જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી શ્રી અશોક પટેલના માર્ગદર્શન હેઠળ સમગ્ર શિક્ષા ગીર સોમનાથ દ્વારા ટ્રાન્સપોર્ટેશન યોજના અંતર્ગત કાર્યરત વાહનચાલકો માટે બી.આર.સી. ભવન, વેરાવળ ખાતે એક મહત્વપૂર્ણ તાલીમ યોજાઈ હતી.આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર શ્રી પ્રશાંત માંગુકિયા અને સમગ્ર શિક્ષાના ઓ.આઈ.સી. શ્રી કિરીટભાઈ કાથડના અધ્યક્ષસ્થાને તાલીમ કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે જિલ્લાના તમામ બ્લોકના એ.આર. એન્ડ વી.ઈ. કો-ઓર્ડિનેટર્સ તેમજ મોટી સંખ્યામાં વાહન ચાલકો ઉપસ્થિત રહ્યાં હતા.આર.ટી.ઓ. ઈન્સ્પેક્ટર દ્વારા વાહન ચાલકોને તેમની વાણી, વર્તણૂક અને ટ્રાફિકના નિયમો વિશે ઊંડાણપૂર્વક સમજણ આપવામાં આવી હતી. સલામતીના ધોરણોને પીપીટી અને સામાજિક-પારિવારિક દ્રષ્ટાંતો દ્વારા અસરકારક રીતે સમજાવવામાં આવ્યાં હતા. તેમજ જિલ્લા ઓ.આઈ.સી. દ્વારા વાહન માટે અનિવાર્ય એવા આરસી બુક, વીમો, લાયસન્સ, પીયુસી અને ફિટનેસ સર્ટિફિકેટ જેવા દસ્તાવેજોની જાળવણી અંગે માહિતી અપાઈ હતી. વાહન ચાલકોને વિહિકલ ટ્રેકિંગ સિસ્ટમમાં હાજરી કઈ રીતે પૂરવી તેની ટેકનિકલ સમજ આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે ઉપસ્થિત સર્વેએ તમામ વાહન ચાલકોને માર્ગ સલામતી અને નિયમોના પાલન માટે પ્રતિજ્ઞા લીધી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન શ્રી પરેશભાઈ પંડ્યા દ્વારા કરવામાં આવ્યું હતું.

# વેરાવળ:પ્રભાસપાટણખાતે રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધાનો પ્રારંભ



વેરાવળ,

૬૯મી સ્કૂલ ગેમ્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા દ્વારા રાષ્ટ્રીય કક્ષાની હેન્ડબોલ સ્પર્ધા પ્રથમ વાર ગીર સોમનાથ જિલ્લામાં યોજાશે. વેરાવળ તાલુકાના પ્રભાસપાટણના સદભાવના મેદાન ખાતે તા.૧૯ થી ૩૧ જાન્યુઆરી દરમિયાન ભાઈઓ અને બહેનો માટે સ્પર્ધા યોજાશે. જેમાં રાજયભરના ખેલાડીઓ ઉત્સાહપૂર્વક ભાગ લેશે.

અંડર-૧૭ બહેનો માટે તા.૧૯ થી ૨૩ જાન્યુઆરી દરમિયાન અને અંડર-૧૯ ભાઈઓ માટે તા.૨૭ થી ૩૧ જાન્યુઆરી ૨૦૨૬ સુધી દરમિયાન આ સ્પર્ધા યોજાશે. આ સ્પર્ધામાં સમગ્ર દેશના વિવિધ રાજ્યોની ૩૫ જેટલી ટીમો ભાગ લેશે. જેમાં અંદાજે ૬૦૦ રમતવીરો અને કોચ મેનેજરનો સમાવેશ થાય છે. સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાતના કોચ ટ્રેનર સેવા દ્વારા વિવિધ કમિટીઓની રચના કરી સંકલન કરવામાં આવ્યું છે.આ સમગ્ર રમત ૨૦-૧૦-૨૦ સ્લોટમાં રમાશે. ભારતના ક્વોલીફાઈડ હેન્ડબોલ રેફ્રી દ્વારા આ સ્પર્ધામાં રમતનું મૂલ્યાંકન કરવામાં આવશે. અંડર-૧૭ બહેનોનું રીપોટ'ગ થયેલ છે જયારે તા.૨૬જાન્યુઆરીના રોજ અં-૧૯ ભાઈઓની વિવિધ ટીમોનું રીપોટ'ગ રહેશે. આ તમામ સ્પર્ધાઓ લીગ કમ નોકઆઉટ પદ્ધતિથી રમાડવામાં આવશે. જેના માટે સદભાવના ગ્રાઉન્ડમાં હેન્ડબોલ સ્પર્ધા માટે ૪ મેદાન બનાવવામાં આવ્યાં છે.

જેમાં ૨ મેદાનમાં ફ્લડ લાઈટ પણ લગાવવામાં આવી છે, જેથી સાંજના સમયમાં પણ મેચ રમાડી શકાય. તેમ તેમણે ઉમેર્યું હતું.

# "તાર ફેન્સિંગ યોજના" લાભાર્થીઓએ નિયત સમયમર્યાદામાં કલેઇમ રજૂ કરવા



અમરેલી:

અમરેલી જિલ્લામાં જિલ્લા ખેતીવાડી શાખાની "તાર ફેન્સિંગ યોજના" અન્વયે પૂર્વમંજૂરી મેળવી છે તેવા તમામ લાભાર્થીઓએ નિયત સમયમર્યાદામાં કલેઈમ રજૂ કરવા. તાર ફેન્સિંગ યોજનામાં તા.૦૧.૧૦.૨૦૨૫ થી તા.૩૦.૧૧.૨૦૨૫ સુધીમાં ૨૮૬ લાભાર્થીઓને પૂર્વમંજૂરી આપવામાં આવી છે.

નિયત ડિઝાઈન અને સ્પેસિફિકેશન ઠરાવની શરતો મુજબ તાર ફેન્સિંગ બનાવવાની સંપૂર્ણ કામગીરી દિન-૬૦માં પૂર્ણ કરી સામાન ખરીદીના પ્જી વાળા પાકા અસલ બિલ અને અન્ય જરૂરી દસ્તાવેજો સહિત જરુરી તમામ સાધનિક કાગળો સંબંધિત જે-તે તાલુકા વિસ્તરણ અધિકારી (ખેતી) તેમજ ગ્રામસેવકશ્રીને જમા કરાવવા.વધુમાં સરકારના નીતિ નિયમોનુસાર તા.૩૧.૦૧.૨૦૨૬ સુધીમાં જિલ્લાકક્ષાએ નિયત સમયમર્યાદામાં કલેઇમ રજૂ કરવામાં નહિ આવે તો તાર ફેન્સિંગ યોજનામાં સહાય મેળવવા માંગતા નથી તેવું માનીને આ અંગેની પૂર્વમંજૂરી અને અરજીને દફતરે (ફાઈલે) કરવામાં આવશે. તાર ફેન્સિંગ યોજનામાં પૂર્વ મંજૂરી મેળવી હોય તેવા તમામ ખેડુતોને તે બાબતની નોંધ લેવા અમરેલી જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રીએ એક અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જિલ્લો-પાણીવેરા વસૂલાત પ્રોત્સાહન યોજના

## વર્ષ ૨૦૨૪-૨૫માં ૫૦ ટકાથી વધુ પાણીવેરા વસૂલાત અન્વયે રૂ. ૫૭.૩૫ લાખથી વધુની રકમનો ચેક અર્પણ કરતા જિલ્લા કલેક્ટર




અમરેલી:

ગ્રામ્ય કક્ષાની પાણી પુરવઠા યોજનાઓનું અસરકારક અને યોગ્ય સંચાલન થાય, માળખુ સુદ્રઢ બને, પાણીવેરાની વસૂલાતમાં નિયમિતતા આવે તેમજ ગ્રામ પંચાયત સક્ષમ બને અને લોકોને નિયમિત પાણી પુરવઠો મળી રહે એ હેતુથી નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠા અને ક્લપસર વિભાગ (પાણી પુરવઠા વિભાગ) હેઠળ ગ્રામ પંચાયત માટે પાણીવેરા વસૂલાત પ્રોત્સાહન યોજના અમલમાં છે.આ યોજના અન્વયે નિયત થયેલ (૦ થી ૩૦ ટકા વસૂલાત વાળા) અમરેલી જિલ્લામાં વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૫૦ ટકા કે તેથી વધુ વસુલાત કરેલ હોય તેવી ગ્રામ પંચાયતો, પાણી સમિતિઓ અને સેલ્ફ હેલ્પ ગ્રુપ ઉપરાંત પ્રાથમિક કૃષિ ધિરાણ મંડળીઓને પ્રોત્સાહન રકમ મળવાપાત્ર છે.અમરેલી જિલ્લામાં કુલ ૧૦૧ ગ્રામ પંચાયતો (૦ થી ૩૦ ટકા) ને રૂ. ૫૭,૦૫,૭૪૨ અને કુલ ૦૧ સેલ્ફ હેલ્પ ગ્રુપને ૩૦ હાજર એમ કુલ મળીને રૂ. ૫૭,૩૫,૭૪૨ પ્રોત્સાહક રકમ મંજૂર કરવામાં આવી છે.જિલ્લા કલેકટર શ્રી વિકલ્પ ભારદ્વાજના હસ્તે કુલ રૂ. ૫૭ લાખ, ૩૫ હજારથી વધુની પ્રોત્સાહક રકમનો ચેક જિલ્લા વિકાસ અધિકારી શ્રી પરિમલ પંડ્યાને સુપરત કરવામાં આવ્યો હતો.

‘શીખ સે સુરક્ષા, ટેક્નોલોજી સે પરિવર્તન’

# ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું




અમરેલી:

જાન્યુઆરી ૨૦૨૬ માસ દરમિયાન જી.એસ.આર.ટી.સી નિયામક કચેરી ખાતે ભાવનગર, અમરેલી, જૂનાગઢ જિલ્લાના કુલ ૧૩૦ ડ્રાઈવર્સ અને કંડક્ટરોને રોડ સેફ્ટી વિષયક માહિતી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. જેમાં નશામાં વાહન ચલાવવું નહિ, નો-પાર્કિંગ ઝોનમાં વાહન પાર્કિંગ કરવું નહિ, ર્ટનિંગ વખતે વાહન ધીમું રાખવું, લેન ડ્રાઈવીગ કરવું, વાહનને વળાંક લેવાનો હોય અને ઓવરટેક કરવાનું હોય ત્યારે સાઈડ ઈન્ડિકેટરનો ઉપયોગ કરવો. એસ.ટી. સૂત્ર સ્વચ્છ, સલામત, સમયબદ્ધતાને વળગી રહેવું સહિતની બાબતોને લઈને સમજ આપવામાં આવી હતી.ઉલ્લેખનીય છે કે, જિલ્લામાં હેલ્મેટ, સીટ બેલ્ટ, રીફ્લેક્ટર, પી.યુ.સી, ફેન્સી નંબર પ્લેટ, નંબર પ્લેટ વગરના વાહન, હાઈબીમ લાઈટ સહિતની બાબતોને લઈને જનજાગૃત્તિ પ્રસરાવવામાં આવશે. સ્કૂલ કોલેજ કક્ષાએ રોડ સેફ્ટી લગત જનજાગૃત્તિ કાર્યક્રમો યોજાશે. ડ્રાઈવરો માટે આંખ, બ્લડ પ્રેશર, સુગર તપાસ માટે મેડિકલ કેમ્પ યોજાશે. વાહન ચાલકોએ સલામતી માટે મોબાઈલ ફોનનો ઉપયોગ ટાળવો, અતિશય ઝડપે વાહન ચલાવવું નહી વગેરે બાબતોને લઈને કાળજી રાખવી હિતાવહ છે તેમ અમરેલી એ.આર.ટી.ઓ અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# રાજકોટમાં અર્હંમ યુવા સેવા ગ્રુપ દ્વારા આયોજીત નિઃશુલ્ક માર્ગદર્શન કેમ્પ સંપન્ન

રાજકોટ,

રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ નમ્રમુનિ મહારાજ સાહેબ પ્રેરિત અર્હંમ યુવા સેવા ગ્રુપ દ્વારા આયોજિત ફિઝીયોથેરાપી, સાયકોથેરાપી, ઓડીયોલોજીને લગતી તકલીફોવાળા જરુરીયાતમંદ દર્દીઓ માટે નિષ્ણાંત ડોક્ટરો દ્વારા ફ્રી માર્ગદર્શન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.

જેમાં ફિઝિયોથેરાપીને લગતી તકલીફો: જન્મ જાત ખોડખાંપણ, સેરેબ્રલ પાલ્સી, બાળકોમાં અતિ ચંચળપણું સાઈટીકા, ગાદી ખસવી, કોઈપણ પ્રકારના વા, સ્નાયુના દુ:ખાવા, સાંધાના ઘસારા, પ્રસુતિ દરમ્યાન અને પછીની કસરત, ફેફસા કે હૃદયની કાર્યક્ષમતા વધારવા, દરેક પ્રકારના લકવા-પેરેલીસીસ, પાર્કિન્સન્સ, ફ્લેટ ફૂટથી થતી તકલીફો, રમત ગમતમાં થતી ઈજા, નસના દબાણથી થતાં દુ:ખાવા, કોઈપણ પ્રકારના ફ્રેક્ચર પછીની ખોડખાંપણ.માનસિક સ્વાસ્થ્યને લગતી તકલીફો:- ઘોંઘાટમાં સાંભળવામાં તકલીફ, વાત કરતી વખતે વારંવાર પૂછવું પડવું, કાનમાં સીટી જેવો અવાજ આવવો, ટીવીનો અવાજ મોટો રાખવો, બાળકોમાં સાંભળવાની તકલીફ જેવી કોઈપણ તકલીફો ધરાવતા દર્દીઓએ લાભ લીધો હતો. આ કેમ્પમાં નિષ્ણાંત ડોક્ટરોની ટીમ દર્દીઓને તપાસીને સારવાર અંગે માર્ગદર્શન આપ્યું હતું.



જેમાં ફિઝીયોથેરાપીમાં ૫૫થી વધુ દર્દીઓ, સાયકોમાં ૫થી વધારે દર્દીઓ અને ઓડીયોલોજીમાં ૨૫થી વધારે દર્દીઓ આ માર્ગદર્શન કેમ્પનો લાભ લીધો હતો. આ કેમ્પથી દર્દીઓને સમયસર સારવાર અને માર્ગદર્શન મળવાથી રોગ અને ઈજાઓની ગંભીર સમસ્યા થતી અટકી જશે. દર્દીઓ આ કેમ્પના કારણે બીનજરુરી હોસ્પીટલ જવાનું અને ભવિષ્યમાં થતા આર્થિક ખર્ચ બચાવી શકશે.